| GJSR130000072019 | RECEIVED ON | 11-01-2019 |
|---|---|---|
| | REGISTERED ON | 11-01-2019 |
| | DECIDED ON | 14-03-2026 |
| | DURATION | DYS. MTHS. YRS. |
| | | 03 02 07 |

**સુરતના ઈ.એસ.આઈ. એક્ટ હેઠળ નિમાયેલ ઓથોરીટીશ્રી ડી.જે. ચૌહાણ સમક્ષ, મુ.સુરત.**

**ઈ.એસ.આઈ. અરજી નં.૦૧/૨૦૧૯**
**આંક-૨૭**

**અરજદાર :- (૧) આયુર્સન ફાર્મા,**
પ૮, જી.આઈ.ડી.સી., ભાટપોર એસ્ટેટ,
મગદલ્લા-હજીરા રોડ, સુરત-૩૯૪૫૧૦.

**(૨) ડો. સંદિપ સી. પટેલ**
૪૧-૪૨, તિરૂપતી નગર, રાજહંસ સિનેમાની પાછળ,
પીપલોદ, સુરત.

**વિરુધ્ધ**

**સામાવાળા :- (૧) ડેપ્યુટી ડાયરેક્ટર,**
**એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન,**
હે. બીજો માળ, સમર્થ પાર્ક, એલ.પી. સવાણી રોડ,
પાલ લેક ગાર્ડનની બાજુમાં, પાલ, સુરત-૩૯૪૫૧૦.

**(૨) રીકવરી ઓફીસર,**
**એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન,**
હે. ઉપર મુજબ...

**હાજર રહયા:-**
**અરજદાર નં.૧ અને ૨ તરફે** : વિ. એડવોકેટશ્રી મુકેશ બી. ખાખરીયા.
**સામાવાળા નં.૧ અને ૨ તરફે** : વિ.વ.શ્રી સંજયભાઈ દુધરેજીયા.

**-: હુકમ :-**

(૧) સદર અરજીની આ કામના અરજદાર સંસ્થાએ એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ એક્ટ-૧૯૪૮ (જેને હવે પછી કાયદા તરીકે ઉલ્લેખવામાં આવશે)ની કલમ-૭૫ હેઠળ દાખલ કરી સામાવાળા કોર્પોરેશન દ્વારા

અરજદાર સંસ્થાનાને સી/૧૮ની નોટિસ તા.૩૦/૦૧/૨૦૧૮ની આપેલી તેમાં એડહોક રૂા.૦૮,૫૬,૨૦૬/- ભરવાના બાકી કાઢેલા તે ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોવાથી તેના આધારે ત્યારબાદ તા.૩૦/૦૪/૨૦૧૮ના રોજ કાયદાની કલમ-૪૫(એ) મુજબનો હુકમ રૂા.૦૮,૨૮,૫૦૭/-નો સંસ્થાએ કરેલો તે સામે એપેલેટ ઓથોરીટીને કરેલ અપીલ રદ કરતો તા.૧૫/૧૧/૨૦૧૮નો હુકમ રદ કરવા અને કોન્ટ્રીબ્યુશનના જાન્યુઆરી-૨૦૧૩ થી ડિસેમ્બર-૨૦૧૭ સુધીના સમયગાળાના નાણાં ભરવાના બાકી નિકળતા નથી તેમ જાહેર કરવા તેમજ જમા કરાવેલ ડિપોઝીટના કુલ રૂા.૦૪,૧૮,૨૫૪/- ઈ.એસ.આઈ.સી. કોર્પોરેશન તેમને પરત ચુકવી આપે તેવો હુકમ કરવા દાદ માંગેલી છે.

(૨) અરજદારે અરજીની સાથે આંક-૩થી મનાઈ અરજી રજૂ કરેલી છે.

(૩) સામાવાળાએ આંક-૯થી લેખિત જવાબ રજૂ કરી અરજીની વિગતોની સત્યતાને નકારી સંસ્થા દ્વારા કરવામાં આવેલા હુકમો કાયદેસર અને વ્યાજબી હોવાનું જણાવી અરજી રદ કરવા જણાવેલું છે.

(૪) આખરી દલીલોના તબક્કે ઈ.એસ.આઈ કોર્પોરેશન દ્વારા ન્યુ એમ્નેસ્ટી સ્કીમ-૨૦૨૫ લાવવામાં આવેલી તે સ્કીમ અન્વયે સંસ્થા જવા ઈચ્છતા હોવાથી આંક-૨૬ની પરવાનગી અરજી સંસ્થાએ કરેલ જે મંજૂર કરી પરવાનગી તા.૧૧/૧૧/૨૦૨૫ના હુકમથી પરવાનગી આપવામાં આવેલી. ત્યારબાદ સંસ્થાએ ઈ.એસ.આઈ. કોર્પોરેશનમાં એમ્નેસ્ટી સ્કીમ અન્વયે કરેલ કાર્યવાહીમાં રૂા.૦૧,૯૫,૩૯૭/- ભરવાનો હુકમ કોર્પોરેશને કરેલ છે તે ભરવા તેઓ તૈયાર હોઈ તેઓ બંને પક્ષકારો વચ્ચે સુખદ સમાધાન થયેલ હોવાનું જણાવી આંક-૨૬ની પુરસીસથી તેઓ સદર અરજી આગળ ચલાવવા ઈચ્છતા નથી તેમ જાહેર કરેલું છે.

સંસ્થાના એડવોકેટ હાજર રહેલા છે, સામાવાળા કોર્પોરેશનના એડવોકેટ હાજર રહેલા છે. સંસ્થાના એડવોકેટ સદર કેસ તેઓ આગળ

ચલાવવા ઈચ્છતા નથી તેમ જણાવે છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

**૧.** આથી અરજીની વિગતે કેસ પરત ખેંચવા પરવાનગી આપવામાં આવેછે.

**૨.** કેસ તે મુજબ ફેંસલ કરવામાં આવે છે.

**તારીખ:૧૪/૦૩/૨૦૨૬.**
**સ્થળ: સુરત.**

**(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)**
**જીજે૦૦૭૮૦**
**ઓથોરીટી ઈ.એસ.આઈ. એકટ,**
**ઔદ્યોગિક અદાલત, સુરત.**